પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૭ | ૧૭ ઓકટોબર, ૨૦૨૨, સોમવાર; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે કોંગ્રેસ અધ્યક્ષ માટે મતદાન

## ૨૨ વર્ષ બાદ કોંગ્રેસ અધ્યક્ષની ગાદી પર બેસશે બિન-ગાંધી વ્યક્તિ : મુકાબલો મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂર વચ્ચે છે



નવી દિલ્હી, તા.૧૬

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસના અધ્યક્ષની ચૂંટણી માટે સોમવારે મતદાન થવાનું છે. લગભગ ૨૨ વર્ષ પહેલા સોનિયા ગાંધી વિરુદ્ધ જિતેન્દ્ર પ્રસાદની હરીફાઈ થઈ હતી, જે સોનિયાએ સરળતાથી જીતી લીધી હતી. આ વખતે ગાંધી પરિવાર સક્રિય રાજકારણમાં હોવાથી અધ્યક્ષ પદની ચૂંટણી લડી રહ્યો નથી. આવી સ્થિતિમાં આ વખતે મુકાબલો વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂર વચ્ચે છે.

અગાઉ ૨૦૧૭માં જ્યારે કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી યોજાઈ હતી, ત્યારે રાહુલ ગાંધીની સામે કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી, જેના કારણે મતદાનની કોઈ તક ન હતી અને તેઓ અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. જોકે એવું માનવામાં આવે છે કે ગાંધી પરિવારના ઈશારે મેદાનમાં ઉતરેલા ખડગેને વરિષ્ઠ નેતાઓનું સમર્થન પણ છે. આવી સ્થિતિમાં તેમનો પાયો ઘણો ભારે જણાય છે. ખુદ ખડગેએ ્ફ૯ સાથેની ખાસ વાતચીતમાં રાહુલ-પ્રિયંકાના વખાણ કર્યા છે અને કહ્યું છે કે તેઓ સોનિયા ગાંધીનું માર્ગદર્શન લેતા રહેશે. તે જ સમયે, કેરળના સાંસદ થરૂર

● અનુસંધાન પાન-૭ પર

# ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે

## ઇન્ટરનેશનલ મોનિટરી ફંડનાં અનુમાન મુજબ ભારત અમુક વર્ષોમાં દુનિયાની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે

નવી દિલ્હી, તા.૧૬

ભારત નાણાકીય વર્ષ ૨૮ સુધીમાં જર્મની અને જાપાનને પાછળ છોડીને દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. ધ ઈકોનોમિક ટાઈમ્સની એક રિપોર્ટમાં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ એટલે ૈંસ્હ્લ ના ડેટાબેઝના હવાલે આ વાત કહેવામા આવી છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન આ બે સૌથી મોટી અર્થવ્યવસ્થા રહેશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ભારત દેશ યુકે ને પાછળ છોડીને સૌથી પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયો છે.



કેપિટલ ઈકોનોમિક્સની એક રિપોર્ટમાં એક બીજી મહત્વની વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ભારત જલ્દી જ ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બની શકે છે.

જો કે આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે આ સિદ્ધિ ભારત ૨૦૨૩માં હાંસલ કરી શકે છે. ભારત ઉભરતી અર્થવ્યવસ્થા તરીકે સૌથી આગળ હશે જેની આગલા એક જ દશકમાં કુલ વૈશ્વિક જીડીપીમાં અડધોઅડધ હિસ્સેદારી પણ હશે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે મહામારી અને યુદ્ધના કારણે મોંઘવારીએ મોટાભાગે વિકસિત અર્થવ્યવસ્થાને ભારતની પાછળ ધકેલી દીધી છે.

જો કે એવું નથી કે વૈશ્વિક પરિસ્થિતીએ ભારતને અસર નથી કરી. કેટલીક રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓ અને મોનેટરી સંસ્થાઓએ ભારતનાં ગ્રોથ રેટને પહેલેથી ઘટાડી દીધો છે. તેમાં ૈંસ્હ્લ ની હાલની અટકળો પણ સામેલ છે. તેમ છતાં ભારત આ વર્ષે અને આવતા વર્ષે સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસથા બની રહેશે.

રિપોર્ટમાં કહેવામા આવ્યું છે કે ભારતમાં મોંઘવારીએ આસમાને નથી પહોંચી ગઈ. ચાલુ ખાતાની ખાઈ ઊંડી છે પરંતુ આવનારા કેટલાક સમયમાં તેમાં પણ ઘટાડો થાય તેવી શક્યતા છે.

# ભારત જોડો યાત્રામાં ૪ને વીજ કરંટ લાગ્યો

## રસ્તામાં ઈલેક્ટ્રીક પોલથી ચારને વીજ કરંટ લાગ્યા, તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા : રાહુલ ગાંધી હોસ્પિટલ પહોંચી ઘાયલોને મળ્યા

નવી દિલ્હી, તા.૧૬

કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં અકસ્માત થયો છે. રસ્તામાં ચાલતી વખતે ઈલેક્ટ્રીક પોલ સાથે ચાર લોકો કરંટ લાગ્યા હતા. કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું કે યાત્રા દરમિયાન એક અપ્રિય ઘટના બની. રસ્તામાં ઈલેક્ટ્રીક પોલથી ચાર લોકોને વીજ કરંટ લાગ્યા, જેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. રાહુલ ગાંધી પણ હોસ્પિટલ પહોંચ્યા અને ઘાયલોને મળ્યા. યાત્રા દરમિયાન રાહુલ ગાંધી સિવિલ હોસ્પિટલ ન્યુ મોકા બલ્લારી પહોંચ્યા અને અકસ્માત દરમિયાન વીજ કરંટ લાગતા તમામ લોકોને મળ્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી. સુરજેવાલાએ કહ્યું કે રાહુલ ગાંધીએ મને અને ધારાસભ્ય નાગેન્દ્રને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ મોકલી દીધા છે. અહીં તેની સારવાર ચાલી રહી છે. દરેક વ્યક્તિ ખતરાની બહાર છે. કોંગ્રેસે ચાર લોકોને એક-એક લાખની મદદની જાહેરાત પણ કરી છે.

બલ્લારીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાજ્ય સાથેના તેમના પરિવારના જોડાણને યાદ કર્યું. તેમણે બલ્લારીનો ઉલ્લેખ કર્યો, જ્યાંથી તેમની માતા અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ૧૯૯૯માં લોકસભા ચૂંટણી જીતી હતી. ગાંધીએ જણાવ્યું હતું કે તેમના દાદી અને ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીએ ચિક્કમગલુરુ લોકસભા મતવિસ્તારમાંથી ૧૯૭૮ની ચૂંટણી લડી હતી અને જીતી હતી.

તેમની ભારત જોડો યાત્રાના ભાગ રૂપે અહીં એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું, મારા પરિવાર અને બલ્લારીનો જૂનો સંબંધ છે. મારી માતા અહીંથી ચૂંટણી લડ્યા હતા અને બલ્લારીના લોકોના સમર્થનને કારણે ચૂંટાયા હતા. ગાંધીએ કહ્યું, મારી દાદી ઈન્દિરા ગાંધીએ ચિક્કમગલુરુથી ચૂંટણી લડ્યા હતા. તેથી, હું તે ભૂલી શકતો નથી. તેમણે ૧૦૦૦ કિમીની પગપાળા યાત્રા પૂર્ણ થવા પર એક જાહેર સભાને સંબોધિત કરી હતી.

# એશિયાકપ ચેમ્પિયન શ્રીલંકાને નામિબિયાએ આપી ધોબીપછાડ

## ૨૦ વર્લ્ડકપની પહેલી જ મેચમાં મેજર અપસેટ : શ્રીલંકાને ૫૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો



નવી દિલ્હી, તા.૧૬

ક્રિકેટના મહાકુંભ ગણાતા વર્લ્ડકપની શરૂઆત થઈ ચૂકી છે. ક્રિકેટ ચાહકોમાં પણ આ વર્લ્ડકપને લઈ ભારે ઉત્સાહ છે. એમાંય ટીમ ઈન્ડિયાના સમર્થકોનો ઉત્સાહ તો સાતમા આસમાને છે. કારણકે, ટીમ ઈન્ડિયાને સમર્થકોને આશા છેકે, આ વર્લ્ડ કપ ચોક્કસ ભારતીય ટીમ જ જીતશે. એવામાં ટી૨૦ની પહેલી જ મેચમાં મોટો ધડાકો થયો છે. નામિબિયાએ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ની પહેલી જ મેચમાં શ્રીલંકાને હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. શ્રીલંકાની ટીમ હાલમાં જ એશિયા કપ ૨૦૨૨નો ખિતાબ જીતીને અહીં પહોંચી છે.

આ મેચની શરૂઆતમાં શ્રીલંકાની ટીમ ઘણી મજબૂત દેખાઈ રહી હતી, પરંતુ નામિબિયાએ અદભૂત પ્રદર્શન કર્યું અને એશિયન ચેમ્પિયનને હરાવીને મોટો અપસેટ સર્જ્યો. ક્રિકેટ પંડિતોની નજરમાં શ્રીલંકાની ટીમ જીતની સૌથી મોટી દાવેદાર હતી, પરંતુ નામિબિયાએ બધાને ખોટા સાબિત કરી દીધા. આ મેચમાં શ્રીલંકાને ૫૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.


આ મેચમાં શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા નામિબિયાએ ટોસ હારીને ૧૬૩ રન બનાવ્યા હતા. નામિબિયાએ ૧૫ ઓવર પછી ૬ વિકેટ ગુમાવીને માત્ર ૯૫ રન બનાવ્યા હતા, પરંતુ છેલ્લી ૫ ઓવરમાં ૬૮ રન બનાવીને આખી મેચને ફેરવી નાખી હતી.

# પીએમ મોદીએ લોન્ચ કર્યા ૭૫ ડિજિટલ બેન્ક યૂનિટ

## બેન્કીંગ સેક્ટર માટે ઐતિહાસિક દિવસ : મોદીએ જમ્મુ કાશ્મીરને બે ડિજિટલ બેન્કીંગ યૂનિટ સહિત કુલ ૭૫ ડિજિટલ બેન્કીંગ યૂનિટનું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી, તા.૧૬

પ્રધાનમંત્રી મોદીએ રવિવારે ૭૫ ડિજિટલ બેન્કીંગ યૂનિટનું ઉદ્ઘાટન કર્યું છે. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરને બે ડિજિટલ બેન્કીંગ યૂનિટ સહિત કુલ ૭૫ ડિજિટલ બેન્કીંગ યૂનિટનો વીડિયો કોન્ફ્રેન્સિના માધ્યમથી ઉદ્ઘાટન કર્યું હતું. આ અવસર પર પીએમે કહ્યું કે, આ યૂનિટથી નાણાકીય વ્યવહારોનો વિસ્તાર કરશે અને નાગરિકોના બેન્કીંગ અનુભવને વધારે સારો બનાવશે. તેમણે કહ્યું કે, સરકારે વંચિતોની સેવા કરવાની પોતાની કટિબદ્ધતા અંતર્ગત બેંકોને ગરીબોના ઘર સુધી પહોંચાડવાની અપલી કરી છે.



તેમને ડાયરેક્ટ બેનેફિટ ટ્રાંસફર અંતર્ગત અત્યાર સુધીમાં ૨૫ લાખ કરોડ રૂપિયા લાભાર્થીઓને પહોંચાડવાની વાત કહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પીએમ કિસાન યોજનાનો વધુ એક હપ્તો આવતી કાલે મોકલીશ.

ડિજિટલ બેન્ક યૂનિટ દ્વારા એ નક્કી કરવામાં આવશે કે દેશના અલગ અલગ ભાગમાં રહેતા લોકો સુધી ડિજિટલ બેન્કીંગની પહોંચ થઈ શકે. તેનાથી ફોર્મલ ઈકોનોમીથી બહાર લોકો અર્થવ્યવસ્થાને ન ફક્ત ભાગ બની શકશે, પણ તે દેશના આર્થિક વિકાસમાં પણ સામેલ થઈ શકશે. સરકારી યોજનાનો લાભ પણ તેમને ડાયરેક્ટ મળતો થઈ જશે. ખાસ કરીને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાંસફરનો સીધો લાભ મળી શકશે. ડિજિટલ બેન્કીંગ ખાસ કરીને એ લોકો માટે લાભદાયી બનશે, જેમમે અત્યાર સુધી બેંકોની શાખાઓ ખોલી નથી. બેન્કીંગ પહોંચથી દૂર લોકો બેન્કીંગ યૂનિટથી ઘણો લાભ થશે. ડિજિટલ બેન્કીંગ યૂનિટ અભિયાનમાં સરકારની સાથે જ પ્રાઈવેટ ક્ષેત્રની બેન્ક પણ જોડાશે. એક રિપોર્ટ અનુસાર, ડિજિટલ બેન્કીંગ યૂનિટમાં ૧૨ પ્રાઈવેટ અને ૧૧ સરકારી બેન્ક જોડાયેલી છે. ડિજિટલ બેન્કીંગ યૂનિટ બચત ખાતા ખોલવા, બેલેન્સ ચેક કરવા, પાસબુક પ્રિન્ટ કરવા, ફંડ ટ્રાંસફર જેવી તમામ સુવિધાઓ આપશે. તેની સાથે જ ડીબીયૂ ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ, લોનની સુવિધા, ક્રેડિટ તથા ડેબિટ કાર્ડ માટે એપ્લીકેશનની સુવિધાઓ આપશે.

# અમેરિકામાં એક લાખ વિઝા એપોઈન્ટમેન્ટ ખુલી

## અમેરિકન વિઝા અંગે મોટી જાહેરાત : અમેરિકન વિઝાની પ્રક્રિયા આગામી દિવસોમાં ઝડપી બનશે

નવી દિલ્હી, તા.૧૬

દુનિયાભરમાં કોવિડ આવ્યો ત્યારથી અમેરિકન વિઝાની કામગીરી સાવ અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. યુએસ વિઝાના એપોઈન્ટમેન્ટ મેળવવામાં લગભગ ૮૦૦ દિવસનો વેઈટિંગ પિરિયડ ચાલે છે જેના કારણે ભારતીય વિઝા અરજકર્તાઓમાં નારાજગી છે. આ દરમિયાન વિઝા વિશે મોટા સમાચાર આવ્યા છે. તે પ્રમાણે ૐ અને ન્ કેટેગરીના વર્કર વિઝા માટે એક લાખ સ્લોટ (US Visa Slot) ખોલવામાં આવ્યા છે. યુએસ સરકારની વેબસાઈટ પ્રમાણે ભારતીયોએ અમેરિકાના વિઝા જોઈતા હોય તો એપોઈન્ટમેન્ટ માટે જ ૮૦૦ દિવસ સુધી રાહ જોવી પડે છે. આ અંગે ભારતે અમેરિકન સરકારને ફરિયાદ પણ કરી છે. સ્ટુડન્ટ અથવા એક્સચેન્જ વિઝિટર વિઝા અને બીજા નોન-ઈમિગ્રન્ટ વિઝા માટે વેઈટિંગ પિરિયડ ૪૦૦ દિવસનો છે.

ભારત સ્થિત યુએસ એમ્બેસીએ ટ્વિટ કરીને જણાવ્યું કે હજારો અરજકર્તાઓએ તેમની એપોઈન્ટમેન્ટ પહેલેથી બૂક કરાવી દીધી છે અને ઈન્ટરવ્યૂ વેઈવર તથા ફર્સ્ટ-ટાઈમ એપોઈન્ટમેન્ટ માટેનો વેઈટિંગનો ટાઈમ અડધો કરી નાખવામાં દીધો છે. આ બલ્ક એપોઈન્ટમેન્ટ દર્શાવે છે કે અમે H & L વર્કર્સ માટે પ્રતિબદ્ધ છીએ.

૨૦૨૨ના પ્રથમ નવ મહિનામાં ભારત ખાતેના યુએસ મિશને ૧.૬૦ લાખ H & L વિઝાને પ્રોસેસ કરી દીધા છે અને અમે આગામી દિવસોમાં પણ H & L ને પ્રાથમિકતા આપવાનું ચાલુ રાખીશ.

યુએસ એમ્બેસીના કોન્સ્યુલર અફેર્સના મંત્રી ડોન હેફલિને જણાવ્યું કે અમેરિકામાં H અથવા L વિઝા ધરાવતા લોકો છે જેઓ કોવિડ શરૂ થયો ત્યારથી તેમના પરિવારોને મળવા જઈ શક્યા નથી. અમે તેમના પ્રત્યે સહાનુભૂતિ ધરાવીએ છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# ટીવીની અભિનેત્રી વૈશાલી ઠક્કરે આત્મહત્યા કરી લીધી

## ‘સસુરાલ સિમર કા’, ‘યે રિશ્તા...’ માં કર્યું હતું કામ : ઘટના સ્થળેથી સ્યુસાઈડ નોટ મળી : વૈશાલીના નિધનના સમાચાર સાંભળીને પરિવાર અને ફેન્સ શોકમાં

મુંબઈ, તા.૧૬

મનોરંજન જગત અને ખાસ કરીને ટીવી ઈન્ડસ્ટ્રી માટે એક દુઃખદ અને ચોંકાવનારી ઘટના બની છે. પોપ્યુલર ટીવી અભિનેત્રી વૈશાલી ઠક્કરે આત્મહત્યા કરી હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. યે રિશ્તા ક્યા કહેલાતા હૈ અને સસુરાલ સિમર કા જેવી પોપ્યુલર સીરિયલમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી વૈશાલી ઠક્કરની આત્મહત્યાના સમાચાર ફેન્સ માટે અવિશ્વસનીય છે. પોલીસે આ કેસમાં તપાસ શરુ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે ઘટનાસ્થળ પરથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે.

વૈશાલી ઠક્કર પાછલા એક વર્ષથી ઈન્દોરમાં રહેતી હતી. તેણે અહીં જ પોતાનું જીવન પણ ટૂંકાવ્યુ છે. તેજાજી નગર પોલીસે આ કેસની નોંધ લીધી છે અને કાયદેસરની તપાસ શરુ કરવામાં આવી છે. પોલીસને ઘટનાસ્થળ પરથી જ એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. પ્રાથમિક તપાસમાં આ મામલો પ્રેમ પ્રકરણનો હોવાની વાત સામે આવી રહી છે. હજી સુધી સ્પષ્ટ કારણ સામે નથી આવી શક્યું.

